# વાર્ષિક સાધારણ સભાની નોટીસ

મંડળીના સર્વે સભાસદ ભાઈ–બહેનોને જણાવવાનું કે મંડળીની બાવીસમી વાર્ષિક સાધારણ સભા તા. ૧૦/૦૫/૨૦૨૩ ને બુધવારના રોજ સવારે ૧૦–૦૦ કલાકે ન. મ. કૃષિ મહાવિધાલય, નવસારીના (વર્ચ્યુઅલ) સેમિનાર હોલમાં નીચે જણાવેલ કાર્યસૂચિ અન્વયે મળનાર છે. તો દરેક સભાસદ તેમજ મંડળીમાં સભાસદ થવા ઈચ્છુક કર્મચારી ભાઈ–બહેનોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

**મીટીંગબાદ સભાસદ ભાઈ બહેનો તથા આમંત્રિતો માટે સ્વરૂચી ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ છે.**

**સ્થળ:ન.મ.કૃષિમહાવિધાલય,નવસારી**

**તા.૧૦/૫/૨૦૨૩**

**સમય:૧૨–૩૦થી૧૩–૩૦**

# કાર્યસૂચિ

૧.:સાધારણ સભાના પ્રમુખશ્રીની વરણી

૨.:ગત સામાન્ય સભાની કાર્યવાહીની સમીક્ષા/વાંચન

૩.:તા. ૩૧–૩–૨૦૨૩(વર્ષ ૨૦૨૨–૨૦૨૩)ના રોજ પુરા થતા નાણાંકિય વર્ષના અહેવાલનું વાંચન અને બહાલી બાબત

૪.:નફો,વ્યાજ તથા ડીવીડન્ડની વહેંચણી અને ફરજીયાત બચત પર વ્યાજની ટકાવારી વધારવા બાબત

૫.:ભેટ નકકી કરવા અને તેના વિતરણ બાબત

૬.:નવસારી કૃષિ યુનિવર્સિટીની સેવામાંથી વયનિવૃત, રાજીનામુ, અવસાન, બરતરફ થતાં કર્મચારીઓને મંડળીનું કાયમી સભ્યપદ બંધ કરવા બાબત

૭.:તા. ૩૧/૩/૨૦૨૩ના રોજ ફરજીયાત બચત ચાલુ હોય તેમને ૨૦૨૨–૨૩ના નફાની રકમ માંથી ભેટ આપવા બાબત.

૮.:પ્રમુખશ્રીની મંજુરથી રજૂ થતા મુદ્દાઓ અંગે પરામર્શ

૯.:પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન

**તા.ક.:કોરમના અભાવે સભા મુલતવી રહેશે તો તે જ દિવસે અડધા કલાક બાદ તે જ સ્થળે સભા મળશે જેમાં થયેલ કામકાજ કાયદેસર ગણાશે.**